**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭
**(Accredited B++ equivalent to Five Star status by NAAC)**

✆ : 2227141 to 2227146 ✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬
**Fax** : (0261) 2227312 **ફેક્સ** : (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
**Gram** : VNSGU **તાર** : વીએનએસજીયુ
**E-mail :** sgu@sguernet.in


**ખાનગી** **સિન્ડિકેટની તાકીદની સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા. ૨– ૪– ૨૦૦૮**

સિન્ડિકેટની તાકીદની સભા બુધવાર, તા. ૨–૪–૨૦૦૮ ના રોજ બપોરે ૧ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા. ૨ –૪–૨૦૦૮ |
|---|---|---|
| ૧. | ડૉ. રમેશચંદ્ર જી. કોઠારી (મા. કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડૉ. બાબુલાલ એ. પ્રજાપતિ (મા. ઉપકુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ. ડૉ. ભાસ્કર મહેન્દ્ર રાવલ | હાજર |
| ૭. | આ. શ્રી જયંતીલાલ મગનલાલ નાયક | હાજર |
| ૮. | ડૉ. વિનોદરાય બાલુભાઈ પટેલ | હાજર |
| ૯. | ડૉ. શશીકાંતભાઈ જી. શાહ | હાજર |
| ૧૦. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | હાજર |
| ૧૧. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૨. | શ્રી સંજયકુમાર ઇશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૩. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૪. | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ | હાજર |
| ૧૫. | ડૉ. વિપુલ જમનાદાસ સોમાણી | હાજર |
| ૧૬. | આ.ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ | હાજર |
| ૧૭. | શ્રી મયૂરભાઈ ચૌહાણ | હાજર |
| ૧૮. | આ. શ્રી યોગેશભાઈ લક્ષ્મીશંકર ભટ્ટ | હાજર |
| ૧૯. | શ્રી દિનેશભાઈ દાસા | હાજર |
| ૨૦. | ડૉ. ઘનશ્યામભાઈ રાવલ | હાજર |

૧. પરીક્ષા વિભાગમાં કોમ્પ્યુટર પુલમાં તૈયાર કરવામાં આવેલ માર્ચ/ એપ્રિલ – ૨૦૦૭માં એમ. એસસી. પાર્ટ – ૧ અને પાર્ટ – ૨ (કેમેસ્ટ્રી અને ફીજીકસ) વાળા વિદ્યાર્થીઓના માર્કસમાં ચેડા કરવા બાબતે સિન્ડિકેટે નિયુકત કરેલ કમિટિની સભા સોમવાર, તા. ૧૭ / ૩ / ૨૦૦૮ની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત…

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, આચાર સમિતિનો અહેવાલ **પરિશિષ્ટ : ' ક '** માં દર્શાવ્યા મુજબ સ્વીકારીએ અને ગુનાહીત કૃત્ય હોઈ ૫ વર્ષની સજા કરવી અને જે તે વિદ્યાર્થી સામે પોલીસ કાર્યવાહી કરવી જે તે કોલેજને પણ પોલીસ કાર્યવાહી કરવા જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, કોમ્પ્યુટર પુલમાં પરિણામ બાબતે ગરબડ થયેલ હોય માટે સરકારશ્રીને અને પોલીસ વિભાગને સત્વરે કાર્યવાહી કરવા જણાવવું.

**(પરિશિષ્ટ : ' ક ')**

૨. પરીક્ષા આચાર સમિતિની તા. ૧૪/૨/ ૨૦૦૮ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત…

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, બાબતક્રમાંક : ૦૧ને મુલતવી રાખવી બાબતક્રમાંક : ૦૨, ૦૩ અને ૦૫ને **પરિશિષ્ટ : ' ખ '** માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી અને બાબત ક્રમાંક : ૦૪ને નીચે મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવી.

" આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સરભાણ (ચકલાદ)ના ઈ.ચા. આચાર્યશ્રી બળવંતસિંહ એન. ઠાકોરને પ્રાશ્નીક, પરીક્ષક કે પરીક્ષાનું કોઈ પણ કામ ૫ વર્ષ સુધી આપવું નહી અને ઈ. ચા. આચાર્ય તરીકે અન્ય વ્યકિતની નિમણુંક કરવા સંસ્થાના મેનેજમેન્ટ ને જાણ કરવી.

**(પરિશિષ્ટ : ' ખ ')**

૩. પરીક્ષા આચાર સમિતિની તા. ૧ /૩ / ૨૦૦૮ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત…

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, બાબત ક્રમાંક : ૦૧ (અ), ૦૧ (બ), ૦૧ (ક), ૦૧ (ડ), ૦૨ (૧), ૦૨ (૨), ૦૩ (૧), ૦૩ (૨), ૦૪ને **પરિશિષ્ટ : ' ગ '** માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી બાબત ક્રમાંક : ૦૭ને મુલતવી રાખવી અને બાબતક્રમાંક : ૦૫ અને ૦૬ને નીચે મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવી.

બાબતક્રમાંક : ૦૫

" આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલીની એફ. વાય. બી. એ. પરીક્ષાની વિદ્યાર્થીની પટેલ તુલસીબેન રોશનભાઈને ૫ વર્ષ માટે અભ્યાસ કરવા બાબતે પ્રતિબંધ મૂકવો, પોલીસ કાર્યવાહી કરવી અને એસ. વાય. નું પરિણામ રદ કરવું."

બાબતક્રમાંક : ૦૬

" એમ. એ. ભાગ – ૨ બેઠક નંબર : ૦૧૩૯૨ના વિદ્યાર્થી ચવધરી જયાબેન કેશુભાઈને ૫ વર્ષ માટે અભ્યાસ કરવા બાબતે પ્રતિબંધ મૂકવો, પોલીસ ફરીયાદ કરવી અને જો ડીગ્રી આપેલ હોય તો પરત ખેંચવી અને પરિણામ રદ કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ભવિષ્યમાં આવા કેસો માટે સર્વગ્રાહી અભ્યાસ કરવા નીચે મુજબની કમીટી નીમવી.

(૧) મા. ઉપકુલપતિશ્રી (૨) શ્રી દિનેશભાઈ દાસા (૩) આ. શ્રી જે. એમ. નાયક (નવયુગ કોમર્સ)"

**(પરિશિષ્ટ : ' ગ ')**

૪. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગણિતશાસ્ત્ર વિભાગમાં એમ. એસ. સી. ભાગ – ૧માં અભ્યાસ કરતાં કુ. પ્રિયંકા બી. પટેલને એપ્રિલ – ૨૦૦૮માં લેવાનાર પરીક્ષામાં બેસવા દેવા માટે કમિટિની નિમણૂંક કરવામાં આવી હતી. પ્રસ્તુત કમિટીનો રિપોર્ટ આ સાથે સામેલ છે. તે અંગે વિચારણા કરવા બાબત......

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગણિતશાસ્ત્ર વિભાગમાં એમ. એસ. સી. ભાગ – ૧માં અભ્યાસ કરતાં કુ. પ્રિયંકા બી. પટેલના સત્રો નામંજૂર કરવા અને પરીક્ષામાં બેસવા દેવા નહી.

૫. યુનિવર્સિટીને વાહન ભાડે આપવાનો કોન્ટ્રાકટ સાંઈરથ ટ્રાવેલ્સ, સુરતને સિન્ડિકેટની તા. ૪–૧–૨૦૦૭ની સભાના ઠરાવ નં. ૧૮ થી મંજૂર કરવામાં આવ્યો હતો. જે સાંઈરથ ટ્રાવેલ્સ, સુરત દ્વારા ખોટાં બીલો રજુ કરવાથી તેની સામે કરવામાં આવેલ પોલીસ કેસ ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં. ૫૦૯/ ૦૭થી ફરીયાદ દાખલ થતાં સિન્ડિકેટની તા. ૨–૭–૨૦૦૭ની સભાના ઠરાવ નં.૫ થી સદર કોન્ટ્રાકટ રદ્ કરવામાં આવતાં યુનિવર્સિટી દ્વારા સાંઈરથ ટ્રાવેલ્સ, સુરતનાં બાકી તમામ બીલોની ચુકવણી અટકાવવામાં આવેલ હતી. જે અંગે સાંઈરથ ટ્રાવેલ્સ, સુરતને તેમના તા. ૪–૨–૨૦૦૮ તથા તા. ૨૭–૨–૨૦૦૮ના પત્ર ( સામેલ છે) થી સદર બીલોની ચુકવણી કરવા માટે માંગણી કરેલ છે.

તા. ૨ – ૭ –૨૦૦૭ની સિન્ડિકેટના ઠરાવ ક્રમાંક : ૫ (આ સાથે સામેલ છે) ને ધ્યાને લઈ તથા સિન્ડિકેટ સભ્યશ્રીઓનો તા. ૨૧–૨–૨૦૦૮નો સામેલ પત્રને ધ્યાને લઈ જરૂરી વિચારણા કરવા બાબત......

(હિસાબી)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, વિવાદિત બીલોની રકમ બાકી રાખવી અન્ય બાકી બીલોની નિયમોનુસાર ચૂકવણી કરવી.

૬. યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગો દ્વારા ચલાવવામાં આવતાં વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમ/ પ્રોગ્રામ/ કોર્ષમાં સ્વનિર્ભર ફંડ હેઠળના શૈક્ષણિક કર્મચારીઓની જરૂરીયાત સંદર્ભે જાહેરાત આપવામાં આવેલ જેના અનુસંધાનમાં યુ. જી. સી. દ્વારા નકકી કરવામાં આવેલ નવી ગાઈડલાઈન્સ અંતર્ગત યુનિવર્સિટી દ્વારા અનામતનિતિનો ચૂસ્તપણે અમલ કરવા અર્થે મળેલ પત્ર અને ગુજરાત રાજય સરકારશ્રીના આદેશ અન્વયે સિન્ડિકેટ તા. : ૧૩ – ૧૨– ૨૦૦૭ની સભાના ઠરાવ ક્રમાંક : (૩૯) થી ઠરાવ્યાનુસાર " યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતાં સ્વનિર્ભર અભ્યાસક્રમમાં પણ આ ગાઈડ લાઈન્સનો અમલ કરવો. " જેના અનુસંધાને રોસ્ટર (અનામત નિતિ) નકકી કરવા અંગે માનનીય કુલપતિશ્રી દ્વારા રચવામાં આવેલ કમિટિના તા. ૧૧– ૩ – ૨૦૦૮ના કમિટિ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત મંજૂર કરવામાં આવે છે અને અનામત અને રોસ્ટર બાબતે જરૂરી ફેરફાર કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવામાં આવે છે.

**૭.** યુનિવર્સિટીના નિરંતર શિક્ષણ અને વિસ્તરણ કાર્ય વિભાગના નિયામક શ્રી નાનુભાઈ જોષીને તા. ૨૮/૨/૧૯૯૬ના રોજ ફરજ મોકૂફી પર મુકવામાં આવેલ. શ્રી નાનુભાઈ જોષીનું અવસાન તા. ૧૨/૧૦/૨૦૦૭ના રોજ થયેલ. તેઓના કાર્યકાળ દરમ્યાન યુનિવર્સિટી પાસે બાકી નીકળતા નાણાં શ્રીમતી બીનાબેન જોષીને મળે તે બાબતની રજૂઆત નોમિનેશનના પુરાવા સાથે કરવામાં આવતાં શ્રીમતી બીનાબને જોષીને બાકી નીકળતા નાણાં ચૂકવવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(લીગલ સેલ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સરકારશ્રીનો અને કાનૂની અભિપ્રાય લેવો ત્યાર બાદ ઘટતી કાર્યવાહી માટે મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંકઃ એસ–૧ (૧)/ ૩૯૦૪/૨૦૦૮. **ઈ.ચા. કુલસચિવ**
તા. ૧૯ – ૪ –૨૦૦૮.

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ......